અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/2593-2631
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.18/03/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય :- શૈક્ષણિક વર્ષ-2020-21 માં ધોરણ-9 થી 12ની શાળાકીય પરીક્ષા લેવા બાબત.
સંદર્ભ :- 1) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/2210-49, તા.24/02/2021.
2) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/2298-2337, તા.26/02/2021.
3) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/2419-57, તા.02/03/2021.
4) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/2552-90, તા.17/03/2021.
5) તા.18/03/2021ના રોજ સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અન્વયે.

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેના સંદર્ભ 1 થી 4 દર્શિત પત્રોથી શૈક્ષણિક વર્ષ 2020-21 માટે ધોરણ-9 થી 12 ની શાળાકીય પરીક્ષાની તારીખોની વિગતો તેમજ પરીક્ષાના આયોજન શાળા કક્ષાએથી કરવા અંગેની જરૂરી સૂચનાઓ જાણ તથા અમલ સારૂં આપને મોકલી આપવામાં આવેલ છે.

હાલની કોરોનાની પરિસ્થિતિને ધ્યાને રાખીને તકેદારીના પગલાં રૂપે સરકારશ્રી દ્વારા લેવામાં આવેલ નિર્ણય મુજબ આઠ મહાનગરપાલિકાઓ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, ગાંધીનગર અને જૂનાગઢમાં આવેલ તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-9 થી 12 ની પ્રથમ પરીક્ષા તેના નિયત કાર્યક્રમ અનુસાર તા.19/03/2021 થી તા.27/03/2021 દરમ્યાન માત્ર ઓનલાઈન લેવાની રહેશે. આ માટે શાળાઓએ વિદ્યાર્થીઓને પ્રશ્નપત્રોની સોફ્ટકોપી મોકલી આપવાની રહેશે. વિદ્યાર્થીઓએ લખેલા જવાબોની સોફ્ટકોપી અથવા હાર્ડકોપી શાળામાં મોકલી આપવાની રહેશે.

આઠ મહાનગરપાલિકા સિવાયના તમામ વિસ્તારોમાં આવેલી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-9 થી 12 ની પ્રથમ પરીક્ષા તેના નિયત કાર્યક્રમ અનુસાર તા.19/03/2021 થી તા.27/03/2021 દરમ્યાન ઓફ લાઈન લેવાની રહેશે.



Scanned by CamScanner

ઉક્ત તમામ વિગતો આપના તાબાની તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપશો.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

ક્રમાંક:માવિ.૬/પરીપત્ર/૨૦૨૧/ ૨૩૩૫૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. ૧૯/3 /૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

E:\HK-\COVID-19 Syllabus\પરિપત્ર-18.03.2021 પ્રથમ તેમજ વાર્ષિક પરીક્ષા.docx

Scanned by CamScanner